ગાંધીનગર સમાચાર

તા. ૧૨-૬-૨૦૧૫, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### તોમર ઘટના પછી કેજરીવાલની બોલતી બંધ!

દિલ્હી સરકારના કાયદામંત્રી જીતેન્દ્રસિંહ તોમરની શૈક્ષણિક ઉપાધિઓ શંકાસ્પદ હોવાનું જાહેર થયું ત્યારથી કેજરીવાલ અને એમની આમ આદમી પાર્ટીની માઠી દશા બેસી ગઇ છે. અત્યાર સુધી વિવિધ મુદ્દે કેજરીવાલ કેન્દ્ર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે આક્ષેપોની ઝડી વરસાવતા રહ્યા છે. કેન્દ્ર સરકાર પોતાને યેનકેન પ્રકારે પદભ્રષ્ટ કરવાના કારસા ઘડી રહી છે એવું સ્પષ્ટ નિવેદન કરીને એમણે દિલ્હીના ઉપરાજયપાલ ડો. નજીબ જંગને નરેન્દ્ર મોદીના ઇશારે પોતાની વિરુદ્ધ કાવતરાં કરવા બદલ ખુલ્લા પાડવામાં પણ કોઇ કસર નહોતી રાખી. પરંતુ અત્યાર સુધી આક્રમક મુદ્રામાં રહેનારા દિલ્હીના મુખ્યમંત્રી એમના કાયદામંત્રીની ધરપકડ થતાં રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઇ ગયા છે. એમણે અને પાર્ટીના વરિષ્ઠ નેતા પૂર્વ મીડિયાકર્મી આશુતોષે તથા દિલ્હીના ઉપપ્રમુખ મંત્રીએ તોમરની તરફેણ કરવાનું જે વલણ દાખવ્યું એથી પ્રજા સમક્ષ એમની ઇમેજ ખરડાઇ છે. દિલ્હી પોલીસ કેન્દ્રના ગૃહવિભાગ હસ્તક હોવાથી જીતેન્દ્રસિંહ તોમર વિરુદ્ધ મળેલ ફરિયાદના આધારે ત્વરિત કાર્યવાહી હાથ ધરાઇ છે. એમની સામે મધરાત પછી રાતના ત્રણ વાગ્યે એફઆઇઆર નોંધાઇ અને સવારે દસ વાગ્યે દિલ્હી પોલીસના સાત આઇપીએસ અધિકારીઓએ પાંત્રીસ વાહનોના કાફલા સાથે તોમરના નિવાસ સ્થાને પહોંચી જઇ કોઇ રીઢા આતંકવાદીને ઝબ્બે કરતા હોય એમ તોમરને ઝડપી લઇ કોર્ટ પાસેથી રિમાંડ મેળવે છે. એ પછી તોમરને ફૈઝાબાદની અવધ યુનિવર્સિટી ખાતે લઇ જવાય છે, જયાંથી સાકેત મહાવિદ્યાલયમાં અભ્યાસ કરીને એમણે બીએસસીની ડિગ્રી મેળવી હોવાનો દાવો કરેલ છે ત્યાં પણ એમની લાંબી પૂછપરછ થઇ છે. યુનિવર્સિટીએ તોમરના ગુણપત્રક કે ઉપાધિ વિશે એના રેકર્ડમાં કોઇ જ દસ્તાવેજ નહીં હોવાનું તેમજ તોમરના ગુણપત્રકમાં જે બેઠક નંબર દર્શાવાયેલ છે તે બીજા કોઇ પરિક્ષાર્થીનો હોવાનું અને ડિગ્રી સર્ટીફીકેટમાં કુલપતિની સહી પણ બનાવટી હોવાનું પુનરુચ્ચારણ કરતાં તોમર પૂરેપૂરા ફસાયા છે. હવે પોલીસ એમને ભાગલપુર લઇ જવાશે, જયાંથી માંઝી યુનિવર્સિટીમાંથી એમણે કાયદાની ઉપાધિ મેળવી હોવાનું જણાવેલ છે. એમની બેઉ ઉપાધિઓ બનાવટી હોવાનું બહાર આવતાં તોમરની શાખ તળિયે પહોંચી ગઇ છે અને કેજરીવાલ આણિ કંપની માટે એમનો બચાવ કરવાનું મુશ્કેલ બની રહ્યું છે. કેન્દ્ર સરકારના ઇશારે દિલ્હીના વાચાળ અને ઉત્સાહી પોલીસ કમિશ્નર ભીમસેન બસ્સીએ જે જડબેસલાક કાર્યવાહી કરી છે, તે સર્વવિદિત છે. એમાં ગૃહમંત્રી રાજનાથસિંહ કે અન્ય કોઇ એવો દાવો કરે કે કેન્દ્ર સરકારને મુદ્દલ રસ નથી - તો એમની એ રજૂઆત ધરાર એક રાજકીય નિવેદન જ ગણાશે. કેજરીવાલને કઇ રીતે ફસાવવા એની વેતરણ મોદી સરકાર પહેલા જ દિવસથી જ કરતી રહી હતી.

# નારદીપુર ગામે નવનિર્મિત ગ્રીન સ્કુલનું લોકાર્પણ

## અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલે બાળકોને મ્હોં મીઠું કરાવી પ્રવેશવિધિ કરાવી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નારદીપુર ગામ ખાતે



આવેલી ગ્રીન સ્કુલનું લોકાર્પણ આજરોજ ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગરના અધિક મુખ્ય સચિવ શ્રી અરવિંદ અગ્રવાલના હસ્તે કરવામાં આવ્યું હતું. અધિક મુખ્ય સચિવ શ્રી અરવિંદ અગ્રવાલે નારદીપુર ગામની કુમાર અને કન્યા શાળાના ધોરણ૧ અને આંગણવાડીના બાળકોને મો મીઠું કરાવીને -વેશવિધિ સંપન્ન કરાવી હતી.

આ -સંગે ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી અરવિંદ અગ્રવાલે જણાવ્યું હતું કે, છેલ્લા ૧૨ વર્ષથી રાજયમાં યોજાતા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા -વેશોત્સવ દરમ્યાન રાજયની ૧૫૦થી વધુ -થમિક શાળાઓમાં ભુલકાઓની -વેશ વિધી સંપન્ન કરાવવાનું સૌભાગ્ય મને -ાપ્ત થયું છે, તે વાતનું મને ગૌરવ છે. પણ આજદિન સુધી કોઈ પણ શાળાની આટલી ભવ્ય ઈમારત મેં જોઈ નથી. તેમજ આજે ગાંધીનગર જિલ્લાની -થમ ગ્રીન સ્કુલનું મારા હાથે લોકાર્પણ થયું તેનો મને ખૂબ જ આનંદ છે.

ભારત દેશ ઉત્સવ -મી દેશ છે, તેવું કહી તેમણે ઉમેર્યું હતું કે, આજે શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના કાર્યક્રમમાં નારદીપુર ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં છે, તે વાત જ ગામ શિક્ષણ -ત્યે કેટલું સજાગ છે, તે વાતનો સ્પષ્ટ ખ્યાલ આપે છે. તેમણે ગુણોત્સવમાં ગામની કુમાર શાળાને એ ગ્રેડ મળ્યો તે વાતનો આનંદ વ્યકત કર્યો હતો અને કન્યા શાળાને બી ગ્રેડ મળ્યો છે, તે વાતનું દુઃખ વ્યકત કરીને ગ્રામજનો, કન્યા શાળામાં અભ્યાસ કરતી કન્યાઓના વાલીઓ અને શિક્ષકોને કન્યા શાળાને ચાલુ વર્ષના ગુણોત્સવમાં એ ગ્રેડ મળે તેવો -યાસ કરવાનો અનુરોધ કર્યો હતો.

વધુમાં તેઓશ્રીએ સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત શાળાની, ગામની સાફ સફાઈ સાથે સાથે બાળકોના જીવનમાં પણ હમેંશા સ્વચ્છતાના ગુણોનો વિકાસ થાય તે માટેની જાગૃતિ લાવવા માટે શિક્ષકોને અનુરોધ કર્યો હતો.

અધિક મુખ્ય સચિવ શ્રી અરવિંદ અગ્રવાલના હસ્તે નારદીપુર ગામની કુમાર અને કન્યા શાળામાં ધોરણ ૧માં કુમાર ૨૮ અને કન્યા ૨૦ મળી કુલ ૪૮ બાળકો, ધોરણ ૯માં કુમાર ૪૮ અને કન્યા ૨૬ મળીને ૭૪ બાળકોને દફતર અને શૈક્ષણીક કિટૂસ આપીને -વેશવિધી સંપન્ન કરાવી હતી. તેમજ આંગણવાડીમાં કુમાર૭ અને કન્યા ૮ મળીને કુલ૧૫ ભુલકાઓને રમકડા અને અન્ય ચીજ વસ્તુ આપીને -વેશવિધી સંપન્ન કરાવી હતી. કાંઠા ગામમાં શાળામાં રૂપિયા ૧ લાખથી વધુ રકમનું દાન દાતાશ્રીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ કાંઠા ગામમાં રૂપિયા ૧૨ હજારનું દાન દાતાશ્રીઓ દ્વારા શાળાને ચીજ વસ્તુઓ અને રોકડ રૂપ આપવામાં આવ્યું હતું.

અધિક મુખ્ય સચિવ શ્રી અરવિંદ અગ્રવાલના હસ્તે ધોરણ



અધિક મુખ્ય સચિવ શ્રી અગ્રવાલના હસ્તે ધોરણ ૧માં ૩૧ અને આંગણવાડીમાં ૫ ભલુકાઓની -વેશવિધી સંપન્ન કરાવવામાં આવી હતી. આ -સંગે નારદીપુર ગામની ૩ થી ૮ના વર્ગમાં -થમ ક્રમે ઉત્તાર્ણીય થયેલ વિદ્યાર્થીઓ તથા દાતાશ્રીઓ અને શાળાના પુર્વ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

નારદીપુર ગામ ખાતે યોજાયેલ શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવમાં ગાંધીનગર જિલ્લાના ભૂસ્તર શાસ્ત્રી શ્રી એ.બી.ઓઝા, જિલ્લા પંચાયતના સદસ્ય શ્રી રમણભાઈ વાઘેલા, તાલુકા પંચાયતના સદસ્ય શ્રી જયંતિભાઈ પટેલ, ગામના મહિલા સરપંચ શ્રીમતી ચંદ્રિકાબેન પટેલ, પૂર્વ સરપંચ સર્વ શ્રી રાજેન્દ્રકુમાર પટેલ, ગોપલભાઈ પટેલ, ભીખાભાઈ પટેલ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## સર્વ શિક્ષા અભિયાન દ્વારા બાલમિત્રોનો પ્રસંશનીય કાર્ય

ગાંધીનગર, તા. ૧૧

સર્વ શિક્ષા અભિયાન કચેરી દ્વારા સેક્ટર-૧૨ બી.આર.સી. ભવન મારફતે શાળા બહારના બાળકોનું ૬ થી ૧૪, ૯ થી ૧૬ વર્ષના બાળકોનો સર્વે કરવામાં આવેલ છે. વાલીસંપર્ક યોજી બાળકોને શાળા પ્રવેશોત્સવ કરાવતા બાલમિત્ર શ્રીમતી પ્રફુલ્લાબેન બાબુલાલ ભાવસાર સતત મહેનત પ્રયત્ન કરી બાળકોને શિક્ષણ આપી, મધ્યાહન ભોજન, નાસ્તો આપીને પ્રોત્સાહીત કરી પ્રમ હુંફ આપી રહ્યા છે.



**જમનાબાઈ નરસી સ્કૂલનો ગિફ્ટ સીટી, ગાંધીનગરમાં વિધિવત પ્રારંભ**

જેની ખૂબ જ રાહ જોવાઈ રહી હતી તે જમનાબાઈ નરસી સ્કૂલનો ગિફ્ટ સીટી, ગાંધીનગરમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રથમ બેચ દ્વારા પાઠ ભણવાની શરૂઆત સાથે આજે વિધિવત પ્રારંભ થયો છે. સવારની સેશનમાં પ્રથમ બેચના સ્વાગત માટે શાળા દ્વારા ખાસ ગોઠવણ કરવામાં આવી હતી. બીએસએફનું બેન્ડ અહીં નવી શરૂઆતના અભિવાદન માટે સંગીતના સૂરો રેલાવવા હાજર હતું અને પ્રસિદ્ધ ધૂન વગાડીને ખુશીના વાતાવરણને જીવંત બનાવ્યું હતું.

# ઈન્ફોસીટીમાં સૌ પ્રથમ 'ડિજીટલ ઈન્ડિયા હેકાથોન'નું આયોજન કરાયું

## યુવા આઈટી સંશોધકો સતત ૩ દિવસ-રાત જાગીને ચોક્કસ સોફટવેર અને મોબાઈલ એપ્લિકેશન પ્રોજેક્ટ પર કામ કરીને નવા સોફટવેર/ ટેકનોલોજીનું નિર્માણ કરશે

ગાંધીનગર, તા. ૧૧

દિવસે દિવસે આગળ વધતા જતા ટેકનોલોજી જગતમાં વાસ્તવિક જીવનની સમસ્યાઓના સમાધાન માટે સાથે મળીને મોબાઈલ એપ્લિકેશન - 'કોર્ડિંગ' કરવા માટે 'ડિજીટલ ઈન્ડિયા હેકાથોન'નું સૌ પ્રથમ આયોજન ગુજરાતના એક માત્ર આઈ. ટી. પાર્ક ઈન્ફોસીટી દ્વારા ગાંધીનગર ખાતે તા. ૧૨-૧૩-૧૪ જૂનના રોજ કરવામાં આવેલ છે. ગાંધીનગર ઈન્ફોસીટી કલબ એન્ડ રિસોર્ટ ખાતે તા. ૧૨મી જૂન, ૨૦૧૫ના રોજ સવારે ૧૦ કલાકથી શરૂ થનાર આ 'ડિજીટલ ઈન્ડિયા હેકાથોન' સતત ત્રણ દિવસ ૨૪ કલાક ચાલશે. તા. ૧૪મી જૂનના રોજ હેકાથોનના સમાપન સમયે યુવા સંશોધકો નવા સોફટવેર/ટેકનોલોજીનું નિર્માણ જાહેર કરીને તેઓના કૌશલ્યનો પરિચય કરાવશે.

'ડિજીટલ ઈન્ડિયા હેકાથોન' દરમિયાન આઈ.ટી. ક્ષેત્રના રસિકો સતત ૩ દિવસ અને રાત જાગીને ચોક્કસ સોફટવેર પર કામ કરશે. આ ત્રણ દિવસના ઈવેન્ટના અંતે તૈયાર થતા સોફટવેર્સ ટેકનોલોજી મોટા ભાગે સીધે સીધી માર્કેટમાં મુકવા લાયક હોય છે. આ સ્પર્ધામાં ત્રણ દિવસ યુ.કે. અને યુ.એસ.એ.ની 'સિલીકોન વેલી' ખાતે કામનો બહોળો અનુભવ ધરાવતા શ્રી પ્રવાશ ડે, શ્રી રવિરાજ તથા શ્રી મેહુલ કટારમલ સહિતની ટીમ સતત યુવા સંશોધકોને માર્ગદર્શન આપશે. આઈ.ટી. ક્ષેત્રના વિદ્યાર્થી મિત્રો અને વ્યાવસાયિકો અહીં વિનામૂલ્યે ભાગ લઈ શકશે. ઈન્ફોસિટી દ્વારા શરૂ કરાયેલ ૧૯૪૭ કો-વર્કિંગ સ્પેસમાં દર અઠવાડિયે આ પ્રકારની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

# એકવાર પતિને પતિપણાની ચાનક ચઢે પછી તે ઉતરવી બહુ મુશ્કેલ બની જાય છે અને પત્નીને અહમ્‌ની આગ લપેટમાં લે પછી એ ખાક થઇ જાય પણ અહમ્ છોડતી નથી...

**સમાજ ચિંતન**

પોપટલાલ પ્રજાપતિ

પ્રેમીઓની પરિભાષા, એમની રીતભાત, વિચારસરણી એમનું વર્તન અજબ પ્રકારનું હોય છે. પ્રેમમાં હોય તે વ્યક્તિને એકબીજાની ખામીઓમાં પણ ખુબીઓ દેખાવા લાગે છે. પણ આ બધું પ્રેમનો ઊભરો હોય ત્યાં સુધી જ, અને પ્રેમનો ઉભરો દૂધના ઊભરા જેવો હોય છે, એકવાર છલકાઇ જાય પછી એ ખાલી થતો જાય છે. અને આ ખાલીપો પછી ખટકવા લાગે છે. જે ગુણથી આકર્ષાઇ પ્રેમમાં પડ્યા હોય એ જ ગુણ હવે દુર્ગુણ લાગવા માંડે છે. ગમે તે હોય પણ આ અઢી અક્ષરના શબ્દએ સામાજિક વ્યવસ્થા ખોરવી પોતાનું આગવું સામ્રાજય ઊભું કરી દીધું છે. સામાન્ય રીતે પ્રેમમાં લાગણીશીલતા અને વેવલાપણું વધુ હોય છે પણ આપણે આજે એવા પ્રેમી યુગલની વાત કરવી છે જેમના પ્રેમમાં ખુદ્દારી છે, મિથ્યાભિમાન નહિ પણ સ્વાભિમાન છે.

બચપણથી જ સાથે ભણતા આ બંને નિર્દોષ બાળકો કયારે મોટા થઇ ગયા અને કયારેય પ્રેમની બારાખડી લખાઇ ગઇ ખબર જ ન પડી. પણ સમજણ પાકી થઇ બંનેએ નક્કી કર્યું આપણે આપણા પ્રેમ સંબંધને પણ પાકો કરી દઇએ, અને બંનેએ રજીસ્ટર્ડ મેરેજ કર્યા. બંને કુટુંબોએ પણ આ સંબંધને મંજુરી આપી દીધી. સમાજના રીતરિવાજ મુજબ વહેવાર અને પહેરામણી થઇ ગયા. બંને પ્રેમીપંખીડાઓ અત્યંત ખુશ હતા. રમતાં રમતાં ફુટેલો પ્રેમનો અંકુર હવે છોડમાં રુપાંતરિત થઇ ગયો હોત. પતિ દયાળુ, લાગણીશીલ અને પ્રેમાળ સ્વભાવનો હતો પણ શિસ્તનો કડક આગ્રહી, દરેકકામ એની નિયત મર્યાદામાં થાય અને ધારાધોરણ મુજબ થાય એવો એનો આગ્રહ હંમેશા રહેતો. આ બાબતથી જ એની પ્રેમિકા તેને દિલ દઇ બેઠી હતી. પ્રેમીકાની સાદગી, સરળતા અને સૌને પોતાના કરી લેવાની આવડતે પ્રેમી આકર્ષાયો હતો અને હવે તેમના પ્રેમને સમાજે પણ માન્ય રાખ્યો હતો. આમ બંનેના દાંપત્યજીવનનું ચક્ર ધીમે ધીમે ગતિ પકડવા લાગ્યું. પ્રેમીને મિલીટરીમાં નોકરી પણ મળી અને થોડા જ વર્ષોમાં એમને ત્યાં એક દીકરો અને એક દીકરી પણ અવતર્યા જાણે પરમાત્માએ પણ એમના પ્રેમને મંજુરીની મહોર લગાવી દીધી.

પ્રેમ થતાં તો થઇ જાય છે પણ એકવાર પ્રેમ થવો એટલે એ જ સ્વરુપે કાયમ ટકશે એની કોઇ ગેરંટી નથી થોડા વર્ષો તો દાંપત્યજીવનમાં સ્વર્ગલોક દેખાય છે પણ વાસ્તવિકતા સામે આવે ત્યારે કઠણાઇનો દોર શરુ થાય છે. પતિ મિલિટરીમાં હોવાથી ફરજ પર હાજર થવાનું થયું અને વધુ સમય પત્નીની દૂર રહેવાનો સમય આવ્યો. પત્નીએ પતિનો વિરહ સતાવવા લાગ્યો, પરિણામે ખૂબ ઝડપથી એમનાં પ્રેમમાં દરાર પડવાની શરુઆત થઇ. આ દરાર ખાઇ બનતી ચાલી. બંનેને એકબીજા પ્રત્યે લગાવ અકબંધ હતો પણ પતિનો વિરહ પત્નીથી સહેવતો નથી. બંને વચ્ચે ચણભણ શરુ થઇ આ ચણભણનો કુમળા બાળકો શિકાર બની ગયા. વાત બહુ સામાન્ય હતી પણ આજના ટૂંકા થતા જતા માનસને પ્રશ્નની ગંભીરતા સાથે કયાં લેવા દેવા હોય છે? એક વાર પતિને પતિપણાની ચાનક ચઢે પછી ઉતારવી બહુ મુશ્કેલ બની જાય છે અને પત્નીને અહમની આગ લપેટમાં લે પછી એ ખાક થઇ જાય પણ અહમ છોડતી નથી. એમાંથી દાંપત્યજીવન નંદવાઇ જાય છે અને બાળકો મમ્મી પપ્પાના પ્રેમ સાગરમાં અથડાતી કુટાતી નાવડી જેવા થઇ જાય છે.

કડક શિસ્તના આગ્રહી એ જવાનના બાળકથી એક નાનકડી ભૂલ થઇ ગઇ. આ ભૂલ સુધારવામાં નહિ આવે તો એના જીવન પર માઠા પરિણામ આવશે... નો વિચાર આવતાં જ તેણે દીકરાને એક થપ્પડ લગાવી દીધી. પત્નીએ આ જોયું અને તેણે પતિને ટોણા માર્યો. 'બાળકોને ઉછેરવાની તાકાત નહોતી તો લગ્ન કર્યા શું કામ? ન કરે નારાયણ અને હું ન હોઉં તો મારા બાળકોનું શું થાય?' આ શબ્દો પતિના હૃદયમાં તીરની જેમ ભોંકાયા, એ એકદમ ઉશ્કેરાઇ ગયો અને ઉશ્કેરાટમાં નિર્ણય લેવાઇ ગયો તારા વિના પણ હું આ બાળકોને ઉછેરી શકું છું. અને તેમના જીવનનું ઘડતર કરી મોટા માણસ બનાવી શકું છું. વાત મમતે ચઢી અને પતિ હુકમ કર્યો તું તારા પિયરમાં ચાલી જા. બાળકોની બિલકુલ ચિંતા કરીશ નહીં. આજથી તારું બાળકોને મળવાનું બંધ... ગુસ્સામાં પત્ની પિયર ચાલી ગઇ... મિલીટરીનો માણસ... નિર્ણયમાં અડગ... મક્કમતા વજ જેવી... એક સામાન્ય પ્રશ્નને તેણે ખુબ ગંભીરાતથી લઇ લીધો અને બાળકોના ભવિષ્ય ઘડતર માટે હવે તે મક્કમ બન્યો... હવે તેને પિતા અને માતા બંને ભૂમિકા નિભાવવાના હતી પડકાર મોટો હતો. પણ પડકારો સામે ઝઝૂમવાનું એની ફરજમાં વણાઇ ગયું હતું. જીંદગીની સમસ્યાને તેણે જંગનું સ્વરુપ આપી દીધું અને આ જંગ તેણી જીતવો હતો.

છાત્રાલયમાં બંને બાળકોને ભણવા મૂકી તેમના ઉચ્ચ શિક્ષણ તરફ તેણે ધ્યાન આપવા માંડ્યું. એટલું જ નહીં જીવનમાં ધૈર્ય, મક્કમતા અને પ્રામાણિકતાના પાઠ ભણાવ્યા. બંનેમાં ઠાંસી ઠાંસીન દેશપ્રેમ ભર્યો. દેશ માટે અને દેશના લોકો માટે સમર્પિત થવાની ભાવના દૃઢપણે મજબૂત બનાવી. દીકરી ગાયનેક ડોકટર બની અને દીકરો એમ.ટેક કરી પ્રાઇવેટ કંપનીમાં ઊંચા પગારે નોકરીમાં લાગી ગયો. બંનેની જીંદગીના ઉચ્ચ દરજ્જે પ્રસ્થાપિત કર્યા ત્યાં સુધીમાં રીટાયરમેન્ટ પણ આવી ગયું. પણ આ સમય દરમિયાન તેણે કયારેય પત્નીના ખબર અંતર પુછ્યા ન હોતા છતાં તેની યાદ દિલમાં જીવંત રાખી હતી કયારેક તેની તસવીર આગળ બે આંસુ સારી લેતો. તે માનતો હતો કે પત્ની પિયર છે પિયરથી મોટું સુખ સ્ત્રી માટે બીજે કયાંક ન હોય... તેણે બાળકોને ખુબ પ્રેમ આપ્યો પણ તેણે રાખેલા આગ્રહો અને મક્કમતાનો માર્ગ કદી છોડ્યો નહીં... તેને પત્નીને મારેલા ટોણાનો ઘા હજુ રૂઝાતો ન હતો...

હાલ પતિ-પત્ની બંને અલગ રહે છે બાળકો પોતપોતાની વ્યવસાયમાં વ્યસ્ત છે. બાળકો પપ્પા-મમ્મીને એક કરવા અને ગઇગુજરી ભુલી જવા ઘણા પ્રયત્નો કરે છે, પણ પપ્પાનું મન હજી માનતું નથી. જો કે માતાને મળવા માટે તેણે બાળકો પર કોઇ પાબંધી લગાવી નથી. પત્નીને પતિ પ્રત્યે હજુ પણ એટલો જ પ્રેમ છે એણે કયારેય છુટાછેડા માટે કે ૪૯૮ની કલમ લગાવવાની ધમકી આપી નથી તેણે પતિને મારેલ ટોણો હજુ યાદ છે તેને આ બાબતનો ભારે પસ્તાવો પણ છે. પણ મિલિટરીનો માણસ... પતિ બોલાવે તો હાલ તે પાછી ફરી પતિ સાથે દાંપત્યજીવન ગુજારવા તૈયાર છે પણ સ્વભાવના ભોગે નહિ... પણ દીકરી વહાલનો દરીયો કહેવાય છે તે ગમે તેવા પથ્થર હૃદયના પિતાને પણ પીગળાવી શકે છે. દીકરીએ પપ્પા-મમ્મીને એક કરવાનું બીડું ઝડપ્યું છે. તેને વિશ્વાસ છે હું મમ્મી-પપ્પાને એક કરીને જ રહીશ... તેને હવે આશાના કિરણો દેખાઇ રહ્યા છે. આશા રાખીયે કે દીકરીના પ્રયત્નો ફળે અને પરિવાર ફરી એક વાર કિલ્લોલ કરતો થાય...

પ્રશ્ન એટલો જ છે કે આજના યુવાનોમાં થતાં છૂટાછેડામાં આવી જ કોઇ નાદાનિયત હોય છે એમાંથી બંનેની જીંદગી રોળાઇ જાય છે પણ કયાંક બાળકો એનો શિકાર બની જાય છે. છેલ્લા અહેવાલો મુજબ છેલ્લાં પાંચ વર્ષમાં દેશમાં છૂટાછેડાનું પ્રમાણ વધતું જાય છે. અમેરિકામાં તો હવે એકલા રહેવાની માનસિકતા વધતી જાય છે અથવા તો વગર લગ્ન કર્યે રિલેશનશીપમાં રહી જીંદગીની મોજ માણી લેવી. આ પ્રકારનું હવામાન જામતું જાય છે. ભગવાન આવી માનિસકાતથી દેશને બચાવે...